૮

માનવ ગરીમા યોજના અંતર્ગત ટૂલકિટ્સ(Toolkits)ના લાભાર્થીઓની પસંદગી બાબતેના પરિપત્રમાં એફિડેવિટની પ્રક્રિયા રદ કરી સ્વઘોષણા (self-Declaration) ક્રિયા સુનિશ્ચિત કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પરિપત્ર ક્રમાંક: સશપ/૧૦૨૦૧૫/૪૯૫૮૫૩/અ.૧,

સચિવાલય, ગાંધીનગર.

તા.30/૦૪/૨૦૨૨

**<u>વંચાણે લીધા :</u>**

(૧) વિભાગના સમાન ક્રમાંકનો તા.૨૪/૦૮/૧૮નો પરિપત્ર

(૨) સામાન્ય વહિવટ વિભાગના તા.૨૫/૧૨/૨૧નો ઠરાવ ક્રમાંક: વહસ/૧૦૨૦૨૧/૪૩૫/વસુતાપ્ર-૨

(3) નિયામકશ્રી (વિ.જા.ક.)નો તા.૦૫/૦૧/૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/માગયો/૨૦૨૧-૨૨/૧

**<u>પ રિ પ ત્ર :</u>**

વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૧)ના માનવ ગરીમા યોજના અંતર્ગત ટૂલકિટ્સના લાભાર્થીઓની પસંદગીમાં બેવડાપણું ટાળવા અને અન્ય મુદ્દાઓ સુનિશ્ચિત કરવા બાબતેના પરિપત્રના મુદ્દા ક્રમાંક:3(3) થી નોટરાઇઝ સોગંદનામાંથી બાંહેધરી આપવાની રહેશે તેમ જણાવેલ હતું. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) ના સામાન્ય વહિવટ વિભાગના ઠરાવથી રાજ્ય સરકારની વિવિધ વિભાગો અન્વયેની આપવામાં આવતી સેવાઓ માટે એફિડેવિટની પ્રક્રિયા રદ કરીને સ્વઘોષણાની (self-Declaration) પ્રક્રિયા અમલમાં મૂકવા જણાવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (3) ના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.) તા.૨૪/૦૮/૨૦૧૮ ના પરીપત્રની ઉક્ત જોગવાઈમાં

સુધારો કરી, નોટરાઇઝ સોગંદનામાની જગ્યાએ સ્વઘોષણા લેવા અંગે અત્રેના વંચાણે લીધા ક્રમાંક: (૧) ના પરિપત્ર માં સુધારો કરવા દરખાસ્ત કરેલ છે. જે અન્વયે, વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૧) તા.૨૪/૦૮/૨૦૧૮ના પરિપત્રની સૂચના ક્રમાંક: ૩(૩) માં નોટરાઇઝ સોંગદનામાની જગ્યાએ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ સ્વઘોષણા (self Declaration) દાખલ કરવા અંગે માન. મંત્રીશ્રીની તા.૧૬/૦૨/૨૨ની નોંધથી મંજૂરી આપવામાં આવે છે.

વંચાણે લીધા ક્રમાંક(૧)ના પરિપત્રની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.જે.ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  વિકસતિ જાતિ કલ્યાણ ખાતું/ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું/સમાજ સુરક્ષા,
  ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- સર્વે મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી(વિ.જા.ક.) /નિયામકશ્રી(અ.જા.ક.) મારફતે)
- સેક્શન અધિકારીશ્રી(ગ/છ.૧/બ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- નાયબ સેક્શન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ